૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૭



વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● ભાવ પ્રથમલિંગ હૈ. ઈસલિયે હે ભવ્ય ! તૂં દ્રવ્યલિંગ હૈ ઉસકો પરમાર્થરૂપ મત જાન, ક્યોંકિ ગુણ ઔર દોષોંકા કારણભૂત ભાવ હી હૈ, ઈસ પ્રકાર જિનભગવાન કહતે હૈં. ૧૬૫૩. (શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૨)

● કોઈ જીવો તો અતિ દુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ એવા કર્મો વડે સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો અને બીજાં કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં) મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયાં થકાં (તૂટી મરતાં થકાં) ક્લેશ પામે તો પામો, (પરંતુ) જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતાં જ નથી. ૧૬૫૪. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૪૨)

● જેવી રીતે પર્વત પર ચડેલાં મનુષ્યને નીચેનો મનુષ્ય નાનો દેખાય છે અને નીચેના મનુષ્યને પર્વત પર ચડેલો મનુષ્ય નાનો દેખાય છે પણ જ્યારે તે નીચે આવે છે ત્યારે બંનેનો ભ્રમ દૂર થઈ જાય છે અને વિષમતા મટી જાય છે. તેવી જ રીતે ઊંચું મસ્તક રાખનાર અભિમાની મનુષ્યને બધાં મનુષ્યો તુચ્છ દેખાય છે અને બધાંને તે અભિમાની તુચ્છ દેખાય છે, પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માન-કષાય ગળી જવાથી સમતા પ્રગટ થાય છે. જ્ઞાનમાં કોઈ નાનું-મોટું દેખાતું નથી, સર્વ જીવો એકસરખા ભાસે છે. ૧૬૫૫.

(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, મોક્ષદ્વાર, પદ-૪૪)

● મહાપુરુષોંકા સંગ કરના કલ્પવૃક્ષકી સમાન સમસ્ત પ્રકારકે મનોવાંછિત ફલકો દેનેમેં સમર્થ હૈં, અતએવ સત્પુરુષોંકી સંગતિ અવશ્ય કરની ચાહિયે. ૧૬૫૬. (શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩૭)

● જેમ ઉત્કૃષ્ટ નાવને પ્રાપ્ત થયેલ ધીરબુદ્ધિ (સાહસી) મનુષ્ય સમુદ્રના અપરિમિત જળથી ડરતો નથી તેવી જ રીતે એકત્વનો જાણકાર તે યોગી ઘણાં કર્મોથી પણ ડરતો નથી. ૧૬૫૭.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, એકત્વભાવનાદશક, શ્લોક-૩)

વર્ષ–૧૨
અંક–૪

વિ. સંવત
૨૦૭૪

December
A.D. 2017






**શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
પ્રવચન**




## આત્માનું ભૂતાર્થ સ્વરૂપ અને પ્રાપ્તિની વિધિ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યનો આચાર્ય પદારોહણનો આજે (માગશર વદ આઠમ) માંગલિક દિન છે. આજના દિવસે શ્રી કુંદકુંદેવ પાંચ પદમાંથી ત્રીજા પદને પામ્યા. આ કળિકાળને વિષે ઉત્કૃષ્ટ એવી આચાર્યપદવીને પામ્યા, તેનો આ દિવસ છે. ભરતક્ષેત્રના અદ્વિતીય જગત-ચક્ષુ એવા શ્રી સમયસાર શાસ્ત્રના પ્રણેતા ભગવાન શ્રી કુંદકુંદદેવના આચાર્યપદવી દિને સમ્યગ્દર્શનના આરોહણનો ઉપાય બતાવતી, જૈનદર્શનના પ્રાણ સમી ૧૧મી ગાથા પર પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગલ પ્રવચન.

**'જન્મ-મરણની બેડી તોડી નાખવાની આ (૧૧મી) ગાથા છે.'**

વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં અંગીકાર કરવા લાયક નથી એમ આપ શા માટે કહો છો ?—એમ શિષ્યને પ્રશ્ન થાય છે. તેના સમાધાન અર્થે આચાર્યદેવ આ ગાથાસૂત્ર કહે છે.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

અર્થ :—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ

કરતો તું અધ્યવસાન—'દુખિત-સુખી કરું છું જીવને',
તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦. –શ્રી સમયસાર

દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

બહુ શાંતિથી અને ધીરજથી સમજવા જેવી આ ગાથા છે. જો આ ગાથાના ભાવ સમજાઈ જાય તો જન્મ-મરણના અંત આવી જાય તેવી આ વાત છે.

વ્યવહારનય અભૂતાર્થ છે, અભૂત એટલે નથી એવા અર્થને બતાવનારો છે; તેથી તે જૂઠો છે. વસ્તુમાં જે પરમાર્થ વસ્તુભૂત નથી એવા રાગને, ભેદને વ્યવહારનય બતાવતો હોવાથી તે અસત્યાર્થ છે. શુદ્ધનય ભૂતાર્થ છે. વસ્તુ જેવી છે તેવી બતાવનાર હોવાથી તે સાચો છે. અનંત ગુણો જેનામાં છે એવી અભેદ એકરૂપ ત્રિકાળી વસ્તુ તે જ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, તેને શુદ્ધનય બતાવે છે. તેથી તેનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ છે.

અનાદિથી ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એવા ધ્રુવભાવનો અનાદર કરીને રાગનો આદર કર્યો છે તે જ મોટી સ્વહિંસા છે, અને રાગનો આદર છોડીને શુદ્ધનયનો, ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર કરવો તે જ સાચી અહિંસા છે. વર્તમાન જ્ઞાનની દશા રાગ તરફ ઢળેલી છે, તે દશા ત્યાંથી વિમુખ થઈને ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકભાવ તરફ ઢળે, અવલંબે, આશ્રય કરે તે જ ધર્મની શરૂઆત છે. જેમાં શરીર, કર્મ તો નથી, રાગ પણ નથી ને એક સમયની વર્તમાન પર્યાય પણ જેમાં નથી, એવી પર્યાય વિનાની ત્રિકાળી ધ્રુવ વસ્તુ ભૂતાર્થ, સત્યાર્થ છે; તેનો વર્તમાન પર્યાય આશ્રય કરે, અવલંબન કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે.

ત્રિકાળી અખંડ વસ્તુને ભેદ દ્વારા જણાવવી તે વ્યવહાર છે. વ્યવહારના ચાર પ્રકાર છે.

– ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર – ખ્યાલમાં આવે તેવો રાગ.

– અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર – ખ્યાલમાં આવતો નથી તેવો અબુદ્ધિપૂર્વકનો રાગ

– ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર – જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે, રાગને જાણે તેમ કહેવું તે.

– અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર – જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડવો તે.

ઉપર કહ્યો તે સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે, જૂઠો છે. ભગવાન આત્મા અભેદ એકરૂપ અખંડ વસ્તુ છે તેમાં ભેદ પાડીને જાણવું તે વ્યવહારનય છે, તે સઘળોય જૂઠો છે, અભૂતાર્થ છે, કેમકે તે અવિદ્યમાન, અસત્ય અર્થને પ્રગટ કરનારો છે. ત્રિકાળી અભેદ એકરૂપ જ્ઞાયકભાવનો આશ્રય કરવા માટે વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે.

**કરતો તું અધ્યવસાન—'મારું જિવાડું છું પર જીવને',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.　　–શ્રી સમયસાર**

નિર્મળ પર્યાય અને દ્રવ્ય બે ભેગાં લેવાં તે પણ આશ્રય કરવા માટે અસત્યાર્થ છે. સ્વભાવ અને સ્વભાવવાન એ અભેદ છે, તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અભેદ એકરૂપ આત્મા સત્યાર્થ છે, તેની અપેક્ષાએ ચારેય વ્યવહારનય 'જ્ઞાન તે આત્મા' આદિ ભેદ પાડીને દેખાડે છે, વસ્તુમાં નથી એવા ભેદ પાડીને દેખાડે છે તેથી વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે, આદરવાલાયક નથી, જાણવાલાયક છે. રાગનો ભેદ, જ્ઞાનનો ભેદ આદિ ભેદ પાડીને દેખાડે છે, તે (ભેદ) અભેદ વસ્તુમાં, ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનય સ્વયં અસત્યાર્થ હોવાથી આદરવાલાયક નથી.

શાંતિના પ્રયોજનની સિદ્ધિ અર્થે, સમ્યગ્દર્શનના પ્રયોજનની સિદ્ધિ અર્થે ત્રિકાળીને મુખ્ય કરી ભેદને ગૌણ કરીને ત્યાંથી દૃષ્ટિ હઠાવવા તેને અસત્યાર્થ કહ્યો છે. પર્યાય પર્યાય તરીકે નથી—એમ નથી, પણ પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. પર્યાયને ગૌણ કરી છે તેથી તે ધ્રુવ દ્રવ્યમાં છે એમ પણ નથી. ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, પર્યાય છે તેને પર્યાયમાં ગૌણ કરી છે, ત્રિકાળીમાં ગૌણ કરી છે એમ નથી. તથા સર્વથા પર્યાય નથી માટે અસત્યાર્થ કહી છે એમ પણ નથી. આ બહુ શાંતિથી સમજવા જેવી વાત છે. ત્રિકાળી જે વસ્તુ છે તેને મુખ્ય કરીને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્યારે ધર્મની શરૂઆત થાય છે. પર્યાયમાં ભેદ હોવા છતાં પ્રયોજનની સિદ્ધિ માટે તેને ગૌણ કરી, ત્રિકાળી અભેદને મુખ્ય કરીને, સત્યાર્થ કહીને તેનો આશ્રય કર્યો છે. તેના અવલંબનથી સમ્યક્‌દર્શનના પ્રયોજનની સિદ્ધિ થાય છે.

શુદ્ધનય એક જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે કેમ કે તે સત્ય અર્થને પ્રગટ કરે છે. વળી શુદ્ધનય એક જ છે, તેના અશુદ્ધનય ને શુદ્ધનય એવા બે ભાગ નથી. ખરેખર તો અશુદ્ધનય પણ ભેદ પાડે છે માટે વ્યવહારનયમાં જ જાય છે. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે તે પણ ભેદપ્રરૂપણ હોવાથી અશુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ છે. તે ભૂત, વિદ્યમાન, સત્ય, અભેદ એવા પદાર્થને પ્રગટ કરે છે.

પર્યાય સહિત દ્રવ્યને વિષય કરવો તે વ્યવહાર થઈ જાય છે, અસત્યાર્થ થઈ જાય છે. ત્રિકાળી અભેદને જાણનાર એક જ શુદ્ધનય છે. પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવધામ તે એક જ સત્યાર્થ છે. શુદ્ધનય અને તેનો વિષય ધ્રુવ જ્ઞાયકભાવ એવા બે ભેદ પણ તેનો આશ્રય કરનારને રહેતા નથી; તેથી અહીં શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે તેમ ન કહેતાં શુદ્ધનય ભૂતાર્થ છે તેમ કહ્યું છે. (ક્રમશઃ) ❊

**મારો—ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,**
**—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨. –શ્રી સમયસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકભાવનો આશ્રય પણ સમ્યગ્દર્શનને નથી. તે ચાર ભાવો નીચે પ્રમાણે છે :—

**૧–ઉદયભાવ** :—ઉદય કર્મના નિમિત્તમાં જોડાવાથી થતો ભાવ તે ઉદયભાવ; તે એક સમય પૂરતો છે તેનો આશ્રય સમ્યગ્દર્શનને નથી; કેમ કે પર્યાય એક સમય પૂરતી છે, અને છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમયનો છે. અસંખ્ય સમયનો ઉપયોગ, એક સમયની પર્યાયનું લક્ષ કરવાં જતાં સ્થિર થઈ શકતો નથી; પરંતુ વસ્તુ પરિપૂર્ણ એકરૂપ ધ્રુવ ત્રિકાળ છે તેના લક્ષે ઉપયોગ સ્થિર થઈ શકે છે; તેથી સમ્યગ્દર્શનનું લક્ષ પરિપૂર્ણ વસ્તુ ઉપર જ છે, પર્યાય ઉપર નથી.

**૨. ઉપશમભાવ** :—આત્માના પુરુષાર્થથી અશુદ્ધતાનું પ્રગટ ન થવું અર્થાત્ કર્મનું પ્રગટરૂપ ફળ ન આવવું તે ઉપશમ છે; તે પણ એક સમય પૂરતી અવસ્થા છે. સમય-સમય કરીને ભલે અંતર્મુહૂર્ત રહે, પણ અવસ્થા તો એક સમયે એક જ હોય છે–તેનો પણ આશ્રય સમ્યગ્દર્શનને નથી.

**૩. ક્ષયોપશમભાવ** :—આત્માના પુરુષાર્થથી ગુણનો અંશે ઉઘાડ થવો તે ક્ષયોપશમ છે; તે પણ એક સમય પૂરતી અવસ્થા છે. ક્ષયોપશમ સમકિતનો ઉત્કૃષ્ટ કાળ ૬૬ સાગર કહ્યો છે, પણ તે સમયે–સમયે બદલીને તેટલો કાળ રહે છે. એક સમયે પ્રગટ અવસ્થા એક જ હોય છે–તેના આશ્રયે (લક્ષે) પણ સમ્યગ્દર્શન થતું નથી.

**૪. ક્ષાયિકભાવ** :—આત્માના પુરુષાર્થથી સર્વ આવરણનો ક્ષય થતાં જે પરિપૂર્ણ અવસ્થા પ્રગટે તે ક્ષાયિકભાવ છે; કેવળજ્ઞાન નીચલી દશામાં તો છે નહિ, જે નથી તેનો આશ્રય શો? અને જે પર્યાય છે તે તો અધૂરી છે–અધૂરીના આશ્રયે પૂરી દશા આવે નહિ અને કેવળજ્ઞાન તો પ્રગટ છે નહિ–જે નથી તેનો આશ્રય થઈ શકે નહિ; માટે ત્રિકાળ એકરૂપ વસ્તુ એ જ સમ્યગ્દર્શનનો આશ્રય છે. જે ત્રિકાળ એકરૂપ વસ્તુ છે તેના

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.** **–શ્રી સમયસાર**

આશ્રય વગર સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન પ્રગટે નહિ. સમ્યગ્દર્શન માટે તો આખો આધાર જોઈએ. આત્માના ભાન પછી પણ, સામાન્ય વસ્તુ, ગુણ અને પર્યાય જે ત્રિકાળ એકરૂપ છે તેના આધાર વગર કેવળજ્ઞાન થાય નહીં.

આ આત્માની વાત છે, આત્માને તો બધુંય સમજાય; આ તો આત્માનો પોતાનો વિષય છે. એના અનંત ગુણ–પર્યાયનું સામર્થ્ય તો કેવળીભગવાન જ જાણી શકે–તેઓ પણ વાણીદ્વારા પૂરું કહી શકે નહીં. અનંતા ગુણોની એક સમયમાં પૂરા આકારરૂપ અવસ્થા તેને કારણશુદ્ધપર્યાય કહે છે. જ્ઞાનનો ઉપયોગ (જ્ઞાનગુણની અવસ્થા) ત્રિકાળ એકરૂપ પૂરેપૂરો છે–તેને કારણઉપયોગ કહ્યો; અહીં એકેક ગુણની પૂરી ધ્રુવ શુદ્ધ પર્યાય તેને કારણશુદ્ધપર્યાય કહે છે; આનું નામ જ દ્રવ્યદૃષ્ટિ છે. 'દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે.' આ દ્રવ્યદૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે. આખી વસ્તુ અને તેના બધા ગુણોની અપેક્ષા વિનાની પૂરી દશા એ જ સમ્યગ્દર્શનનો આશ્રય છે. જે ભેદ–વિકલ્પનો આશ્રય કરે તે તો મિથ્યાદૃષ્ટિ છે. રાગાદિના શુભાશુભભાવનો આશ્રય કરે તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે અને જે શરીરાદિની ક્રિયા મારાથી થાય એમ માને તે તો વ્યવહારે પણ જૈન જ નથી. સમકિત થયા પછીનાં વ્રત-તપથી કોઈ આત્માનો ગુણ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો એટલે સુધી કહ્યું કે અંદર જે પૂર્ણ વીતરાગ દશા અને કેવળજ્ઞાન પ્રગટે તેનો આધાર માનવો તે વ્યવહાર છે; કેમ કે તે એક સમય પૂરતી અવસ્થા છે. સમય પૂરતી અવસ્થા વખતે અંદર વસ્તુ, ગુણ અને પર્યાયથી પૂર્ણ ભરેલું તત્ત્વ પડ્યું છે તે જ સમ્યક્દૃષ્ટિનો આશ્રય છે, તેના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટે છે. કોઈ કહે કે આ કેવળીની કે મુનિદશાની વાત છે–તો તેમ નથી; આ તો હજી જૈનદર્શનનો એકડો અને કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ જે સમ્યગ્દર્શન તે કેમ પ્રગટે તે કહેવાય છે. દ્રવ્ય, ગુણ અને તેની પૂર્ણ અવસ્થા કહી તે ઉપરની દૃષ્ટિ એ જ કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે.

કોઈ પણ વસ્તુ તેના સ્વભાવથી અધૂરી હોઈ શકે નહીં. વસ્તુ તેના કાયમી અસલી ગુણો અને તેની અવસ્થા જો તેના આકારે હોય તો તેમાં ઊણપ હોઈ શકે નહિ. વસ્તુ, ગુણ અને તેની અવસ્થા એ ત્રિકાળ પૂરેપૂરાં છે–તે કારણ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. આ રીતે કારણ શુદ્ધપર્યાયનું સ્વરૂપ કહ્યું.

હવે કાર્યશુદ્ધપર્યાયની વાત કરે છે :—"શુદ્ધસદ્ભૂતવ્યવહારથી સાદિ–અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળ વીર્યયુક્ત

> એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે
> જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪. –શ્રી સમયસાર

ફળરૂપ અનંતચતુષ્ટયની સાથે રહેલી પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ જ કાર્યશુદ્ધપર્યાય છે.'' કેવળ જ્ઞાનપર્યાય તે આદિસહિત છે, અને ઉપર કહેવાણી તે કારણપર્યાય આદિ-અંતથી રહિત છે. કેવળજ્ઞાન નવું પ્રગટે છે માટે તે આદિ સહિત છે અને પ્રગટ્યા પછી કાયમ સદૃશ—એકરૂપ રહે છે માટે અંત રહિત છે.

પ્રશ્ન :—કેવળજ્ઞાન તો એક સમય પૂરતી પર્યાય છે, તેને અંત રહિત કેમ કહી?

ઉત્તર :—કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તે નાશ થતું નથી; સમયે-સમયે પર્યાય બદલે છે પણ તે પર્યાય કાયમ સદૃશ થાય છે. કેવળજ્ઞાનનો નાશ થઈને કદી મતિજ્ઞાન થઈ જતું નથી, તથા તે પર્યાય કદી ઊણી કે વિકારી થઈ જતી નથી, માટે અંતરહિત કીધી છે. ઉપર જે પરિપૂર્ણ વસ્તુ કહી. તેની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાથી જે કેવળદશા પ્રગટે છે, તે પ્રગટ્યા પછી ઊણી કે વિકારી થવાની નથી માટે તે અંતરહિત છે એમ કહ્યું છે. તે કેવળજ્ઞાન પણ સદ્‌ભૂત—વ્યવહાર છે.

સમ્યક્ત્વનો વિષય વ્યવહાર નથી, પણ એકલો નિશ્ચય છે. કેવળજ્ઞાન તે શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર છે. શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર શા માટે તે કહે છે. કેવળજ્ઞાન તે પરિપૂર્ણ નિર્મળદશા છે માટે 'શુદ્ધ' આત્માની અવસ્થા છે માટે 'સદ્‌ભુત' અને એક સમય પૂરતી અવસ્થા છે માટે 'વ્યવહાર' આ રીતે કેવળજ્ઞાન શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર છે. હજી તો કેવળજ્ઞાન વ્યવહાર છે તેને બદલે જગતે ક્યાં વ્યવહારને તાણ્યો? શરીરની ક્રિયામાં વ્યવહાર માની બેઠા, પણ તે ક્રિયા આત્માની નથી. આત્માનો વ્યવહાર જડમાં ન હોય. કેવળજ્ઞાનના આધારે સમ્યગ્દર્શન પ્રગટે નહિ કેમ કે કેવળજ્ઞાન તે વ્યવહાર છે. વ્યવહારના આધારે નિશ્ચય પ્રગટે એમ માનવું તે મિથ્યાદર્શનશલ્ય છે. વ્યવહાર ભેદરૂપ છે. ભેદથી અભેદ પ્રગટે નહિ. અભેદના આધારે વચ્ચે ભેદ આવી જાય, તે ભેદ જે વ્યવહાર છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે નહિ. પણ વ્યવહારના અભાવે નિશ્ચય પ્રગટે છે. એકરૂપ ત્રિકાળી આત્મા તે અભેદ છે, નિશ્ચય છે; અને કેવળજ્ઞાન વગેરે અવસ્થા પ્રગટે તે ભેદ છે, વ્યવહાર છે. ત્રિકાળ તે અભેદ અને એક કાળ (વર્તમાન કાળ) તે ભેદ. જે જ્ઞાન અવસ્થા ઉપર લક્ષ કરે તે વ્યવહાર છે, કેમકે અવસ્થા તે વ્યવહાર છે. જે વ્યવહારનો આશ્રય કરે તે મિથ્યાદૃષ્ટિ છે; રાગ કે વિકલ્પથી ધર્મ થાય એમ માને તે જૈન જ નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે લોકાકાશનું સ્વરૂપ કહે છે—

**सव्वायासमणंतं तस्स य बहुमज्झसंट्ठिओ लोओ ।**
**सो केण वि णेव कओ ण य धरिओ हरिहरादीहिं ॥११५॥**

અર્થ :—આકાશદ્રવ્યનો ક્ષેત્ર(પ્રદેશ) અનંત છે. તેના અતિમધ્યદેશમાં અર્થાત્ વચ્ચોવચ્ચના ક્ષેત્રમાં રહે છે તે લોક છે. તે (લોક) કોઈએ કર્યો નથી તથા કોઈ હરિહરાદિએ ધારેલો વા રાખેલો નથી.

ભાવાર્થ :—અન્યમતમાં ઘણા કહે છે કે—“લોકની રચના બ્રહ્મા કરે છે, નારાયણ રક્ષા કરે છે, શિવ સંહાર કરે છે; કાચબાએ વા શેષનાગે તેને ધારણ કર્યો છે. જ્યારે પ્રલય થાય છે ત્યારે સર્વ શૂન્ય થઈ જાય છે અને બ્રહ્માની સત્તા માત્ર રહી જાય છે તથા એ બ્રહ્માની સત્તામાંથી (ફરીથી) સૃષ્ટિની રચના થાય છે.”—ઈત્યાદિ અનેક કલ્પિત વાતો કહે છે. તે સર્વનો નિષેધ આ સૂત્રથી જાણવો. આ લોક કોઈએ કરેલો નથી, કોઈએ (પોતાના ઉપર) ધારણ કરેલો નથી તથા કોઈથી નાશ પામતો નથી, જેવો છે તેવો જ શ્રી સર્વજ્ઞે દીઠો છે અને તે જ વસ્તુસ્વરૂપ છે.

ભગવાન સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં આ લોકને જેવો છે તેવો જાણ્યો છે. હું જ્ઞાતા છું અને લોક મારું જ્ઞેય છે. આના સિવાય લોકના પરપદાર્થથી મારો કોઈ સંબંધ નથી—એમ જાણીને ધર્મી જીવ લોકના સ્વરૂપનો વિચાર કરે છે. તેનું આ વર્ણન છે.

આકાશદ્રવ્યનું ક્ષેત્ર-પ્રદેશ અનંત છે. તેના અતિ મધ્યભાગમાં એટલે કે વચ્ચોવચ્ચ ક્ષેત્રમાં સ્થિત લોક છે; આ લોકને ન તો કોઈએ બનાવ્યો છે અને ન કોઈ હરિ-શિવ આદિએ ધારણ કર્યો છે.

ચારે તરફ અને ઊપર-નીચે અનંત-અનંત અલોકાકાશ છે. તેના ઠીક વચમાં આ લોક નિરાલમ્બરૂપ રહેલો છે. આહાહા ! ચિદાનંદ આત્માના જ્ઞાન મહિમાનો કોઈ પાર નથી તેમ ક્ષેત્રમાં આકાશનો પાર નથી.—એમ અનંત-અનંત અપાર અલોકને પણ

**કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે!**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬. –શ્રી સમયસાર**

ભગવાન આત્મા, કેવળજ્ઞાન સ્વભાવથી જાણી લે છે. આહાહા ! આકાશનો ક્ષેત્રસ્વભાવ અને આત્માનો જ્ઞાનસ્વભાવ !! લોકની બહાર આગળ-આગળ વિચારો ત્યાં શું હશે ? બહાર ખાલી...ખાલી...ખાલી જગ્યા જેનો કોઈ અંત નથી. લોકની બહાર સર્વત્ર અનંત અલોકાકાશ છે, જેની કોઈએ રચના કરી નથી. સ્વયં સિદ્ધ લોક-અલોક અનાદિ-અનંત છે. અનંત અલોકની ઠીક વચ્ચે લોક સ્થિત છે.

અનંત અલોક જેનો કોઈ અંત નથી. આ વિશાળ ક્ષેત્રમાં એક રાઈનો દાણો પડ્યો હોય તે પ્રકારે આ લોક અનંત અલોકમાં રાઈના દાણા સમાન છે. રાઈનો દાણો તો લોકનો અસંખ્યાતમો ભાગ છે તેમ આ લોક અલોકનો અનંતમો ભાગ છે. આ લોક અનાદિ સ્વયંસિદ્ધ છે, કોઈએ તેની રચના કરી નથી, કોઈના ઉપર તે સ્થિત નથી અને કોઈ તેનો નાશ કરતા નથી.

કોઈ કહે છે કે બ્રહ્માએ લોકની રચના કરી છે, નારાયણ રક્ષા કરે છે, શિવ સંહાર કરે છે અને તેને કાચબો અથવા શેષનાગે તેને ઉપર ધારણ કરેલ છે, પ્રલય થાય છે ત્યારે સર્વનાશ થઈ જાય છે અને ફક્ત બ્રહ્માની જ સત્તા રહી જાય છે તથા આ બ્રહ્મસત્તામાંથી ફરીથી આ સૃષ્ટિની રચના થાય છે—ઈત્યાદિ અનેક વાતોનો નિષેધ આ ગાથા દ્વારા જાણવો જોઈએ. આ લોક કોઈના દ્વારા કરાયેલ નથી, કોઈને તેને પોતાના ઉપર ધારણ કરેલ છે તથા કોઈથી તેનો નાશ થતો નથી. લોક તો જેવો છે તેવો સર્વજ્ઞ ભગવાને જોયો છે અને તે જ વસ્તુસ્વરૂપ છે.

જુઓ, આ વસ્તુસ્વરૂપના ચિંતવનથી જ્ઞાની જીવોની વીતરાગતા વધીને સંવર-નિર્જરા થાય છે. લોકની નીચે કોઈનો સહારો નથી, કોઈ શેષનાગ અથવા કાચબાએ ધારણ કરેલ નથી પરંતુ અલોકની મધ્યમાં આ સ્વયંસિદ્ધ સમ્પૂર્ણ લોક રહેલો છે. ઈશ્વર તો શુદ્ધ આત્મા છે, તે ઈશ્વર જગતના કોઈ પદાર્થની રચના કરતા નથી. આ લોક કોઈના દ્વારા કરાયેલો નથી, કોઈએ તેને ધારણ કરેલો નથી અને કોઈ તેનો સંહાર કરી શકતા નથી. લોક તો અનાદિ-અનંત છે. સર્વજ્ઞદેવે તેને જેમ છે તેમ જોયો છે અને તેવું જ વસ્તુનું સ્વરૂપ છે.

હવે આ લોકમાં શું છે? તે કહે છે :—

**अण्णोण्णपदेसेण य दव्वाणं अच्छणं भवे लोओ ।**
**दव्वाण णिवत्तो लोयस्स वि मुणह णिच्चत्तं ॥११६॥**

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭.　　–શ્રી સમયસાર**

અર્થ :—જીવાદિ દ્રવ્યોના પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ પ્રવેશ અર્થાત્ મેળાપરૂપ અવસ્થાન તે લોક છે. જે દ્રવ્યો છે તે નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે—એમ જાણો.

ભાવાર્થ :—છ દ્રવ્યોનો સમુદાય તે લોક છે, તે (છએ) દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય જ છે.

હવે કહે છે કે લોકમાં શું-શું છે ?

જીવ, પુદ્‌ગલ આદિ છ દ્રવ્ય, આકાશના જેટલા ભાગમાં રહે છે, તે લોક છે અને તે છ દ્રવ્ય વસ્તુરૂપથી ટકે છે એટલે કે નિત્ય છે, અર્થાત્ લોક પણ નિત્ય છે, કેમકે છ દ્રવ્યથી જુદું કોઈ લોક નથી, તેથી કોઈપણ સૃષ્ટિનો કર્તા-હર્તા નથી.

અહાહા ! આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ વસ્તુ છે, તેને જાણીને તેમાં સ્થિર થવાથી આ સંપૂર્ણ લોક એક સમયમાત્રમાં જાણવામાં આવી જાય છે—એવો જ્ઞાનસ્વભાવનો કોઈ અચિંત્ય મહિમા છે. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ વગર સમ્પૂર્ણ લોકને યથાર્થ જાણવામાં આવી શકતો નથી. લોક સ્વતંત્ર છે અને લોકના છ દ્રવ્ય પણ સ્વતંત્ર છે. કોઈ તેનો કર્તા-હર્તા નથી. લોકના છએ દ્રવ્યો નિત્ય છે, તેથી લોક પણ નિત્ય છે. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

અહીં નિશ્ચય વસ્તુના જોરે જે પૂર્ણ કાર્ય પ્રગટ્યું તેની વાત છે. અત્યારે પૂર્ણ કાર્ય બતાવવું છે તેથી કેવળજ્ઞાન લીધું છે. પહેલાં જે ત્રિકાળ એકરૂપ કારણ કહ્યું તેની શ્રદ્ધા કરતાં જે ફળ આવે તે ફળરૂપ અનંતચતુષ્ટય સાથે પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવ પ્રગટે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળ વીર્ય એ ચાર અવસ્થા પ્રગટી તેની સાથે ક્ષાયિકભાવ લીધો. તે ચારના આવરણમાં નિમિત્તરૂપ ચાર ઘાતિ કર્મનો નાશ થતાં ક્ષાયિકભાવનો ઉત્પાદ થયો. અહીં ચાર ગુણો જ મુખ્ય લીધા છે, તે ચાર સાથે બીજા અનંત ગુણો છે તે બધાની ક્ષાયિકરૂપે પરિણતિ થઈ ગઈ છે. અનંતચતુષ્ટયની સાથે પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવની પરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ ગુણો ત્રિકાળ છે અને તેની અવસ્થા ત્રિકાળ એકરૂપ છે તે કારણપર્યાય છે; તેની શ્રદ્ધા થઈ અને જે કેવળજ્ઞાનાદિ કાર્ય પ્રગટ્યું—તે વ્યવહાર છે. (ક્રમશઃ)

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય-પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.** **–શ્રી સમયસાર**

# શ્રાવકધર્મની આરાધનાનું અંતિમ ફળ—મોક્ષ

(શ્રી પદ્મનંદિપંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકધર્મનો અધિકાર પૂર્ણ કરતાં મંગલ આશીર્વાદપૂર્વક શ્રી મુનિરાજ કહે છે કે આ શ્રાવકધર્મનો પ્રકાશ જયવંત રહો....આવા ધર્મના આરાધક જીવો જયવંત રહો. ધર્મની આરાધનાવડે જ મનુષ્યભવની સફળતા છે.

આ દેશવ્રતઉદ્યોતન અધિકારમાં શ્રી પદ્મનંદી મુનિરાજે શ્રાવકનાં ધર્મનું ઘણું વર્ણન ૨૬ ગાથામાં કર્યું. હવે છેલ્લી ગાથામાં આશીર્વાદપૂર્વક અધિકાર સમાપ્ત કરતાં કહે છે કે ઉત્તમ કલ્યાણની પરંપરાપૂર્વક મોક્ષફળ દેનાર એવા આ દેશવ્રતનો ઉદ્યોત જયવંત વર્તો—

(शार्दूलविक्रीडित)

**यत्कल्याणपरंपरार्पणपरं भव्यात्मनां संसृतौ**
**पर्यन्ते यदनन्तसौख्यसदनं मोक्षं ददाति ध्रुवम् ।**
**तज्जीयादतिदुर्लभं सुनरतामुख्यैर्गुणैः प्रापितं**
**श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं देशव्रतोद्द्योतनम् ।।२७।।**

અર્થ :—શ્રીમાન્ પદ્મનન્દી મુનિ દ્વારા રચવામાં આવેલ જે દેશવ્રતોદ્યોતન નામનું પ્રકરણ સંસારમાં ભવ્ય જીવોને કલ્યાણ પરંપરા આપવામાં તત્પર છે, અંતે જે નિશ્ચયથી અનંત સુખના સ્થાનભૂત મોક્ષ આપે છે તથા જે ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ ગુણો વડે પ્રાપ્ત કરાવાય છે; એવું તે દુર્લભ દેશવ્રતોદ્યોતન જયવંત હો. ૨૭.

ધર્મી જીવનાં આ દેશવ્રત કે જે સંસારમાં તો ઉત્તમ કલ્યાણની પરંપરા (—ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ, તીર્થંકરપદ વગેરે) દેનાર છે અને અંતે અનંત સુખના ધામ એવા મોક્ષને ચોક્કસ આપે છે, શ્રીમાન્ પદ્મનંદીમુનિએ જેનું વર્ણન કર્યું છે, તથા ઉત્તમ દુર્લભ મનુષ્યપણું ને સમ્યગ્દર્શનાદિ ગુણ તેના વડે જેની પ્રાપ્તિ થાય છે, એવા આ દેશવ્રતનું ઉદ્યોતન જયવંત રહો.

**વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.** **–શ્રી સમયસાર**

જે જીવ ધર્મી છે, જેને આત્માનું ભાન છે, જે મોક્ષમાર્ગની સાધનામાં તત્પર છે, એને વ્રત-મહાવ્રતના રાગથી એવા ઊંચા પુણ્ય બંધાય છે કે ચક્રવર્તીપણું, તીર્થંકરપણું વગેરે લોકોત્તર પદવી મળે છે, પંચકલ્યાણક વગેરેની કલ્યાણપરંપરા તેને પ્રાપ્ત થાય છે, ને અંતે રાગ તોડીને તે મોક્ષ પામે છે.

જુઓ, આ મનુષ્યપણાની સફળતાનો ઉપાય! જીવનમાં ધર્મનો ઉલ્લાસ જેણે કર્યો નથી, આત્માના હિતને માટે રાગાદિ ઘટાડ્યા નથી, ને એકલા વિષયભોગના પાપભાવમાં જ જીવન વીતાવ્યું છે તે તો નિષ્ફળ અવતાર ગુમાવીને સંસારમાં જ રખડે છે. ત્યારે ધર્માત્મા-શ્રાવક તો આત્માના હિતનો ઉપાય કરે છે, વ્રતાદિ ધારણ કરે છે ને સ્વર્ગમાં જઈ ત્યાંથી મનુષ્ય થઈ મુનિપણું લઈ મુક્તિ પામે છે.

ભાઈ, આવું ઉત્તમ મનુષ્યપણું ને તેમાંય ધર્માત્માના સંગનો આવો યોગ સંસારમાં બહુ દુર્લભ છે; મહા ભાગ્યે તને આવો સુયોગ મળ્યો છે તો તેમાં સર્વજ્ઞની ઓળખાણ કરીને સમ્યક્ત્વાદિ ગુણ પ્રગટ કર. ને તે ઉપરાંત શક્તિઅનુસાર વ્રત અંગીકાર કરીને દાન વગેરે કર. એ દાનનો તો ઘણા પ્રકારે ઉપદેશ આપ્યો. ત્યાં કોઈ કહે કે—આપ દાનની વાત કરો છો, પણ અમારે આગળ-પાછળનો (સ્ત્રી-પુત્રાદિનો) કાંઈ વિચાર કરવો કે નહીં?—તો કહે છે કે ભાઈ, તું જરા ધીરો થા! જો તને આગળ-પાછળના તારા હિતનો સાચો વિચાર હોય તો અત્યારે જ તું મમતા ઘટાડ. વર્તમાનમાં સ્ત્રી-પુત્રાદિનાં બહાને તું મમતામાં ડૂબ્યો રહે છે ને પોતાના ભવિષ્યના હિતનો વિચાર કરતો નથી. સ્ત્રી-પુત્રાદિનું ભવિષ્યમાં હું મરી જઈશ તો શું થશે—એમ એનો વિચાર કરે છે, પણ ભવિષ્યમાં મારા આત્માનું શું થશે—એના વિચાર કેમ નથી કરતો? અરે, રાગ તોડીને સમાધિ કરવાનાં ટાણાં આવ્યાં તેમાં વળી આગળ-પાછળના બીજા શું વિચાર હોય? જગતના જીવોને સંયોગ-વિયોગ તો પોતપોતાના ઉદયઅનુસાર સૌને થયા કરશે, એ કાંઈ તારાં કર્યાં નથી થતાં. માટે ભાઈ, પરનું નામ લઈને તું તારી મમતાને લંબાવ નહિ. ભલે લાખો-કરોડો રૂપિયાની મૂડી હોય પણ દાન જે નથી કરતો તે તો હૃદયનો રંક છે. એના કરતાં તો ઓછી મૂડીવાળો પણ જે ધર્મપ્રસંગમાં તન-મન-ધન ઉલ્લાસપૂર્વક વાપરી શકે છે તે ઉદાર છે, તેની લક્ષ્મી અને તેનું જીવન સફળ છે. સરકારી ટેક્સ (કરવેરા) વગેરેમાં પરાણે આપવું પડે તે આપે પણ ધર્મના કામમાં હોંશથી વાપરતાં જીવ ન ચાલે તો આચાર્યદેવ કહે છે કે ભાઈ, તને તારી લક્ષ્મીનો સદુપયોગ કરતાં નથી આવડતો, તને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ કરતાં નથી આવડતી, ને તને શ્રાવકધર્મનું પાલન કરતાં નથી

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.　　–શ્રી સમયસાર**

આવડતું. શ્રાવક તો દેવ-ગુરુ-ધર્મને ખાતર ઉલ્લાસપૂર્વક દાનાદિ કરે. એક માણસ કહે કે મહારાજ! મને વેપારમાં પચ્ચીસ લાખ રૂપિયા મળે તેમ હતા, પણ અટકી ગયા, જો તે મળે તો તેમાંથી પાંચ લાખ રૂપિયા ધર્માદામાં વાપરવાના ભાવ હતા; માટે આશીર્વાદ આપો! અરે મૂરખ! શેના આશીર્વાદ? શું તારો લોભ પોષવા જ્ઞાની તને આશીર્વાદ આપે! જ્ઞાની તો ધર્મની આરાધનાના આશીર્વાદ આપે. પાંચ લાખ વાપરવાની વાત કરીને ખરેખર તો વીસ લાખ લેવા છે, ને એની મમતા પોષવી છે. 'જાણી જોઈને ઝેર ખાઈ લઉં પછી એની દવા કરીશ'–એના જેવી તારી મૂર્ખતા છે. તને ખરેખર ધર્મનો પ્રેમ હોય ને તારે રાગ ઘટાડવો હોય તો અત્યારે તારી પાસે છે તેમાંથી રાગ ઘટાડને! તારે રાગ ઘટાડીને દાન કરવું હોય તો કોણ તને રોકે છે? ભાઈ, આવું મનુષ્યપણું ને આવો અવસર પામીને તું ધન મેળવવાની તૃષ્ણાના પાપમાં તારું જીવન વેડફી રહ્યો છે!–એને બદલે ધર્મની આરાધના કર. ધર્મની આરાધના વડે જ મનુષ્યભવની સફળતા છે. ધર્મની આરાધનામાં વચ્ચે પુણ્યફળરૂપ મોટા મોટા નિધાન સહેજે આવી મળશે,—તારે એની ઈચ્છાય નહિ કરવી પડે.—'માંગે એને આઘે, અને ત્યાગે એને આગે,'—પુણ્યની ઈચ્છા કરે છે તેને ઉત્તમ પુણ્ય હોતાં નથી, માંગે એને આગે એટલે કે દૂર જાય છે; ને ત્યાગે એને આગે એટલે જે પુણ્યની રુચિ છોડીને ચૈતન્યને સાધે છે તેને પુણ્યના ઢગલા સામે આવે છે. ધર્મી જીવ આત્માનું ભાન કરીને ને પુણ્યની અભિલાષ છોડીને મોક્ષ તરફ ચાલવા માંડ્યા છે, ઘણો પંથ કપાયો છે, થોડો બાકી છે. ત્યાં પુરુષાર્થની મંદતાથી શુભરાગ થયો એટલે સ્વર્ગાદિના એકાદ–બે ઉત્તમ ભવરૂપી ધર્મશાળામાં થોડીવાર રોકાણા છે, તેને એવા ઊંચા પુણ્ય હોય કે જ્યાં જન્મે ત્યાં દરિયામાં મોતી પાકે, આકાશમાંથી રજકણો ઊંચા રત્નરૂપે પરિણમીને વરસે, પથ્થરની ખાણમાં નીલમણિ પાકવા માંડે, રાજા થાય ત્યાં પ્રજા પાસેથી એને પરાણે કરવેરા લેવા ન પડે પણ પ્રજા સામે ચાલીને દેવા આવે, એને સંત-મુનિ ધર્માત્માનાં ટોળાં ને તીર્થંકરદેવનો યોગ મળે, ને સંતોના યોગમાં પાછો આરાધકભાવ પુષ્ટ કરી, રાજવૈભવ છોડી મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી સાક્ષાત્ મોક્ષ પામે.

સર્વજ્ઞદેવની ઓળખાણપૂર્વક શ્રાવકે જે ધર્મની આરાધના કરી તેનું આ ઉત્તમ ફળ છે, –તે જયવંત હો....ને તેને સાધનારા સાધકો જગતમાં જયવંત હો.—આવા આશીર્વાદ સાથે આ અધિકાર સમાપ્ત થાય છે.

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.** **–શ્રી સમયસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્માના વીતરાગી આનંદરૂપ પરિણામને અનુભવ કહે છે. પુણ્ય-પાપરહિત સ્વભાવસન્મુખ આનંદરૂપ પરિણામનો મહિમા અપાર છે. પુણ્ય-પાપ પોતાની પર્યાયમાં થાય છે, પણ તે પરાશ્રિતભાવ-બંધભાવ છે તેથી તેને પોતાનાં કહ્યાં નથી.

પોતે અનંત શક્તિનો સ્વામી આત્મા હોવા છતાં પુણ્ય-પાપથી ચાર ગતિમાં ગોથાં ખાય છે. શુભાશુભભાવ પરપરિણામ છે. ''પ્રભુ સર્વગુણસંપન્ન કહેવાય છે, પણ તેનામાં અપલક્ષણ ઓછાં નથી.'' એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ એક પત્રમાં કહ્યું છે, આત્મા (પ્રભુ) શક્તિએ પરિપૂર્ણ છે. પણ તેની પર્યાયમાં વિકાર છે, તે તેનું અપલક્ષણ છે. અહીં ગોથાં ખાય છે એમ કહ્યું છે. અર્થને સમજે નહિ ને બીજાના દોષ કાઢે તેવા જીવોને કોઈ સમજાવી શકે એમ નથી. ચિદાનંદ પ્રભુ પુણ્ય-પાપપરિણામથી ચોરાશીમાં રખડે છે. કર્મથી રખડે છે એમ કહ્યું નથી. કર્મ તો જડ છે, તે આત્માને રખડાવતું નથી.

પોતે શક્તિરૂપે પરમેશ્વર છે, હું જ્ઞાન—આનંદમય છું એવું ભાન થયા પછી પૂર્ણ આનંદ પ્રગટે ત્યારે પર્યાયે પણ પરમેશ્વર થાય છે. પરને અથવા રાગદ્વેષને પ્રસિદ્ધ કરનાર જ્ઞાન છે તે જ્ઞાન સ્વમાં વળી પૂર્ણ પ્રગટ થાય ત્યારે પોતે પરમેશ્વર થાય છે. તે આત્માના પરિણામનો પ્રભાવ છે. શરીર, રાગ-દ્વેષ કે વ્યવહારનો પ્રભાવ નથી, સારું શરીર હોય તેનો પ્રભાવ નથી. પોતાના નિર્મળ પરિણમનથી અવિનાશી પદનો અનુભવ થાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે, પર્યાયમાં વિકારનો અનુભવ કરવો તે અપૂર્વ નથી પણ અંતરમાં એકાગ્રતા કરવી તે અપૂર્વ છે. પોતાના આત્માની પર્યાય પોતામાં કેમ જોડાય તે કહીએ છીએ.

શરીર, મન, વાણી વગેરે પદાર્થોથી પરાઙ્મુખ થઈ હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું એમ વારંવાર અવલોકન કરે. જે પરને જાણે તે પોતે કોણ છે—એમ વારંવાર અવલોકવાના ભાવ કરે તે અનુભવપ્રકાશ છે.

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.** —**શ્રી સમયસાર**

પ્રશ્ન :—પણ અંતરમાં તો કાંઈ દેખાતું નથી ?

સમાધાન : —શું દેખાતું નથી ? પોતે દેખનાર છે, તે દેખવાનો પ્રયત્ન કરતો નથી. શરીર, રાગ વગેરે જ્ઞાનની અસ્તિમાં જણાય છે, પણ અજ્ઞાનીને પોતાના જ્ઞાનનું માહાત્મ્ય આવતું નથી. નદીના એક કાંઠેથી દસ માણસ ઊતરીને બીજે કાંઠે ગયા ને ત્યાં એક માણસ ગણવા મંડ્યો, તો તેને નવ માલૂમ પડ્યા, કેમકે પોતાને ગણતો નહોતો, તેથી એક જણ નદીમાં તણાઈ ગયો એમ માનીને રડવા લાગ્યા; તેમ આ શરીર, દુકાન, પૈસા, કોલસા છે એમ જ્ઞાનમાં જણાય છે, પણ તું કોણ છો ? દૃષ્ટાંતમાં જેમ ગણનાર પોતાને ભૂલ્યો તેમ અહીં પોતે પોતાને એટલે જાણનારને ભૂલ્યો અનેક પ્રકારના રાગ થાય છે, તેમાં આ સત્ય બોલવાનો ભાવ, આ પુણ્યનો ભાવ, આ ગુરુ પ્રત્યે બહુમાનનો ભાવ, આ દયાનો ભાવ એમ જુદું-જુદું જ્ઞાન જાણે છે. ખરેખર તો તે જ્ઞાનનું જ્ઞાન છે, પણ અજ્ઞાની જીવ પરનું તથા રાગનું જ્ઞાન માને છે, જુદા જુદા રાગ થયા તેની રાગને ખબર નથી, તેને જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાનસ્વભાવી પોતે છે એમ નહીં જાણતાં પરને જ જાણવું તે મિથ્યાજ્ઞાન છે.

અહીં કહે છે કે આત્મા વસ્તુ જ્ઞાનવાન છે કે જેના વખાણ બહુ થાય છે. શાસ્ત્રો જેનાં ગાણાં ગાય છે ને સર્વજ્ઞ જેને કહે છે. લોકો કહે છે કે ''ચાલો વ્યાખ્યાન સાંભળવા'' પણ તે વ્યાખ્યાન કોનું ? તે આત્માનું વ્યાખ્યાન છે. બધાએ આત્માનાં નગારા વગાડ્યાં છે. તે આત્મપદ અથવા સ્વપદને અવલોકનના ભાવ કર. વળી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રચેતનાનો પ્રકાશ સ્થિર કરી, સ્વરૂપ પરિણતિ કરે, પોતાના આત્માનો ભરોસો કરે તે દર્શન, પોતાનું જ્ઞાન તે જ્ઞાન, ને પોતામાં સ્થિરતા તે ચારિત્ર—આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મામાં છે. ચેતનાનો પ્રકાશ સ્થિર કરી, સ્વરૂપ પરિણતિ કરે તો વિકારનો નાશ થાય, પરમાં શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા કરતો તે હવે પોતામાં કરે ને ઠરે.

વળી ભગવાન આત્મા જ્ઞાયકજ્યોતિ છે ને પુણ્ય-પાપ, શરીર, મન, વાણી વગેરે અનાત્મા છે. આ આત્માની અપેક્ષાએ ભગવાન પણ અનાત્મા છે. જ્ઞાયકજ્યોતિ આત્માથી ભિન્ન છે,—એમ જાણનાર આત્મા પોતે છે. અનાત્માને પોતામાં ભેળવે તો પોતે જાણનાર ન રહ્યો તેથી અનાત્માથી આત્મા જુદો છે. વળી અખંડ પ્રકાશ છે. ચૈતન્યનો એકરૂપ પ્રકાશ છે. આત્મામાં અંતર્મુખ વળે તે ચિદ્‌વિલાસનો અનુભવ કરે. અંતરપરિણામવડે જ્ઞાન પ્રકાશે પણ બાહ્ય વડે પ્રકાશે તેવું નથી.

**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩. –શ્રી સમયસાર**

જ્યાંથી પર્યાય ઊઠે છે અથવા વહે છે તેમાં પરિણામ લગાવે, અર્થાત્ પર્યાય પર્યાયવાનમાં લગાવે, પણ બહારમાં પરિણામ ન કરે. પ્રથમ આવી સમજણ કરવી કે આ માર્ગ છે, આત્મા ચિદાનંદ પ્રકાશ છે, તેનાં પરિણામ જ્ઞાનમાં રોકે પણ બહાર જવા ન દે.

જેમ પાણીમાં નવાં નવાં મોજાં ઊઠે છે, તેમ ચિદાનંદ પ્રભુ આત્મામાં જ્ઞાનના નવા નવા પરિણામ થાય છે. નિત્યાનંદ આત્મા જ્ઞાનથી ભરેલો દરિયો છે. તેમાં નવા નવા પરિણામ થાય તે અંગ છે ને અંતરમાં લીન થઈને અભંગપણે પરિણામ ઉઠાવે તે ધર્મ છે.

અજ્ઞાની લોકો કહે છે કે વ્રત—તપ પ્રથમ કરો તો પછી ધર્મ થાય, તો તે વાત ખોટી છે. પ્રથમ સમ્યગ્દર્શન વિના વ્રત જ ન હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણનો શુભરાગ હોય છે, પણ તેના આલંબનરૂપ રાગને ઓળંગીને ધર્મ થાય છે. જે જીવ શુભરાગને ઉપાદેય માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં કહે છે કે રાગ હેય છે, તેને થવા ન દે. અંતર્‌જ્ઞાનના પરિણામ અસંખ્યપ્રદેશી અભંગમાં લીન થયા કરે તે ધર્મ છે.

આત્માનું સિદ્ધપદ તે અમરપુરી છે. આત્માના નિજબોધના વિકાસથી અમરપુરીમાં નિવાસ થાય છે. વળી આત્મા અખંડ છે, અચલ છે, જેને કોઈ ઉપમા નથી એવો અનુપમ છે. જેમાં ખંડ કે ભેદ નથી એવો અભેદ છે, અમલ છે, જેનું તેજ અમાપ છે. વળી અનંતગુણરત્નમંડિત પોતે આત્મા છે, તેને પોતે જાણે. કેવું છે તે પદ ? પૂર્ણ આનંદરૂપ છે, જાણવાના સ્વભાવરૂપ છે, અરૂપ છે, અનુપમ છે. પોતે નિત્યાનંદસ્વરૂપ ત્રણ લોકને જાણનાર છે, અથવા પોતા માટે પોતે શોભાયમાન છે. પોતાના પરમપદને પરિણામ વડે પામી પવિત્ર થઈને રહે એ બધો અનુપમનો મહિમા છે. પંચ પરમેષ્ઠીના પાંચે પદ અનુભવથી પમાય છે. શુભ રાગ જે જે પ્રકારના આવે છે તેનો જાણનાર આત્મા છે, બીજું કોઈ સ્વરૂપ નથી. (ક્રમશઃ)

---

જુઓ પરિણામોની વિચિત્રતા ! કે—કોઈ જીવ તો અગિયારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પામી પાછો મિથ્યાદૃષ્ટિ બની કિંચિત્‌ન્યૂન અર્ધ પુદ્‌ગલપરાવર્તન કાળ સુધી સંસારમાં રખડે છે ત્યારે કોઈ જીવ નિત્યનિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છૂટી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે—એમ જાણી પોતાના પરિણામ બગાડવાનો ભય રાખવો તથા તેને સુધારવાનો ઉપાય કરવો. (શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર—૩, પાનું-૨૬૯)

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.** **–શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## જે તરફની રુચિ તે તરફનું ઘોલન

આમાં એક ને એક વાત ફેરવીને વારંવાર કહેવાય છે, તેથી રુચિવંત જીવને કંટાળો ન આવે. જેમ નાટકની રુચિવાળો નાટકમાં 'વન્સમોર' કરીને પણ પોતાની રુચિવાળી વસ્તુને વારંવાર જુએ છે; તેમ જે ભવ્યજીવોને આત્માની રુચિ થઈ અને આત્માનું હિત કરવા માટે નીકળ્યા તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે—ખાતાં, પીતાં, ચાલતા, સૂતાં, બેસતાં, બોલતાં, વિચારતાં—નિરંતર શ્રુતનું જ અવલંબન, સ્વભાવના લક્ષે કરે છે, તેમાં કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા કરતો નથી. શ્રુતજ્ઞાનની રુચિ અને જિજ્ઞાસા એવી જામી છે કે ક્યારેય પણ તે ખસતી નથી. અમુક કાળ અવલંબન કરવું ને પછી મૂકી દેવું એમ નથી કહ્યું, પરંતુ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. જેને સાચા તત્ત્વની રુચિ થઈ છે તે બીજા સર્વ કામોની પ્રીતિને ગૌણ જ કરે છે.

પ્રશ્ન :—ત્યારે શું સત્‌ની પ્રીતિ થાય એટલે ખાવા-પીવાનું અને ધંધા-વેપાર બધું છોડી દેવું ? શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું, પરંતુ સાંભળીને કરવું શું ?

ઉત્તર :—સત્‌ની પ્રીતિ થાય એટલે તરત જ ખાવા-પીવાનું બધું છૂટી જ જાય એવો નિયમ નથી, પરંતુ તે તરફની રુચિ તો અવશ્ય ઘટે જ. પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય અને બધામાં એક આત્મા જ આગળ હોય, એટલે નિરંતર આત્માની જ ધગશ અને ઝંખના હોય. માત્ર 'શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું' એમ કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરવો; શ્રુતના અવલંબનની ધૂન ચડતાં ત્યાં દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્મ, નિશ્ચય, વ્યવહાર વગેરે અનેક પડખાંથી વાતો આવે તે બધાં પડખાં જાણીને એક જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો જોઈએ; આમાં ભગવાન કેવાં, તેમનાં શાસ્ત્રો કેવાં, અને તેઓ શું કહે છે, એ બધાનું (જ્ઞાન પણ આવી જાય છે—તથા શ્રુતજ્ઞાનનું) અવલંબન એમ નિર્ણય કરાવે છે કે તું જ્ઞાન છો, આત્મા જ્ઞાનસ્વરૂપી જ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ તું કરી શકતો નથી.

દેવ-ગુરુ-શાસ્ત્ર કેવાં હોય અને તે દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમનું અવલંબન

> તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
> તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫. —શ્રી સમયસાર

લેનાર પોતે શું સમજ્યો હોય તે આમાં બતાવ્યું છે. 'હે જીવ! તું જ્ઞાનસ્વભાવી આત્મા છો, તારો સ્વભાવ જાણવાનો જ છે, કાંઈ પરનું કરવું કે પુણ્ય-પાપના ભાવ કરવા તે તારું સ્વરૂપ નથી'—આમ જે બતાવતા હોય તે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર છે, અને આ પ્રમાણે જે સમજે તે જ દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને શ્રુતજ્ઞાનને સમજ્યો છે. પણ જે રાગથી ધર્મ મનાવતા હોય, શરીરની ક્રિયા આત્મા કરે એમ મનાવતા હોય, જડ કર્મ આત્માને હેરાન કરે એમ કહેતા હોય તે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાં નથી.

જે શરીરાદિ સર્વ પરથી ભિન્ન જ્ઞાનસ્વભાવી આત્માનું સ્વરૂપ બતાવતાં હોય અને પુણ્ય-પાપનું કર્તવ્ય આત્માનું નથી એમ બતાવતાં હોય તે જ સત્શ્રુત છે, તે જ સાચાં દેવ છે અને તે જ સાચાં ગુરુ છે. જે પુણ્યથી ધર્મ બતાવે, શરીરની ક્રિયાનો કર્તા આત્મા છે એમ બતાવે અને રાગથી ધર્મ બતાવે તે બધાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છે. કેમકે તેઓ જેમ છે તેમ વસ્તુસ્વરૂપના જાણકાર નથી અને તેથી ઊલટું સ્વરૂપ બતાવે છે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ ન બતાવે અને જરાપણ વિરુદ્ધ બતાવે તે કોઈ દેવ, કોઈ ગુરુ કે કોઈ શાસ્ત્ર સાચાં નથી.

## શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ—આત્મ-અનુભવ

'હું આત્મા તો જ્ઞાયક છું, પુણ્ય-પાપની વૃત્તિઓ મારું જ્ઞેય છે, તે મારા જ્ઞાનથી જુદી છે' આમ પહેલાં વિકલ્પ દ્વારા દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબને યથાર્થ નિર્ણય જિજ્ઞાસુ જીવ કરે છે; હજી જ્ઞાનસ્વભાવનો અનુભવ થયો નથી ત્યાર પહેલાંની આ વાત છે. જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે તે અલ્પકાળમાં આત્મ-અનુભવ કરશે જ. પ્રથમ વિકલ્પમાં એમ નક્કી કર્યું કે પરથી તો હું જુદો, પુણ્ય-પાપ પણ મારું સ્વરૂપ નહિ, મારા શુદ્ધ સ્વભાવ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રનું પણ અવલંબન પરમાર્થે નહિ, હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું—આમ જેણે નિર્ણય કર્યો તેને જ્ઞાનસ્વભાવી આત્માનો અનુભવ થયા વગર રહેશે જ નહિ. અહીં શરૂઆત જ એવી જોરદાર ઉપાડી છે કે પાછા પડવાની વાત જ નથી.

'પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું' આવી જેણે નિર્ણય દ્વારા હા પાડી તેનું પરિણમન પુણ્ય-પાપ તરફથી પાછું ખસીને જ્ઞાયકસ્વભાવ તરફ ઢળ્યું એટલે તેને પુણ્ય-પાપનો આદર ન રહ્યો, તેથી તે અલ્પકાળમાં પુણ્ય-પાપ રહિત જ્ઞાનસ્વભાવનો

'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,
ષટ્જીવનિકાય ચરિત છે,—એ કથન નય વ્યવહારનું. ૨૭૬. —શ્રી સમયસાર

નિર્ણય કરીને અને તેમાં સ્થિરતા કરીને વીતરાગ થઈ પૂર્ણ પરમાત્મા થઈ જશે. પૂર્ણની જ વાત છે—શરૂઆત અને પૂર્ણતા વચ્ચે આંતરો પડ્યો જ નથી, શરૂઆત થઈ છે તે પૂર્ણતાને લક્ષમાં લઈને જ થઈ છે. સંભળાવનાર અને સાંભળનાર બંનેની પૂર્ણતા જ છે. જેઓ પૂર્ણ સ્વભાવની વાત કરે છે તે દેવ, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણે તો પવિત્ર જ છે, તેના અવલંબને જેણે હા પાડી તે પણ પૂર્ણ પવિત્ર થયા વગર રહે જ નહિ. પૂર્ણની હા પાડીને આવ્યો છે તે પૂર્ણ થશે જ. આ રીતે ઉપાદાન-નિમિત્તની સંધિ સાથે જ છે.

## સમ્યગ્દર્શન થયા પહેલાં.....

આત્માનંદ પ્રગટ કરવા માટેની પાત્રતાનું સ્વરૂપ કહેવાય છે. હે ભાઈ! તારે ધર્મ કરવો છે ને? તો તું તને ઓળખ. પહેલામાં પહેલાં સાચો નિર્ણય કરવાની વાત છે. અરે! તું છો કોણ? શું ક્ષણિક પુણ્ય-પાપનો કરનાર તે જ તું છો? ના, ના. તું તો જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી, જાણનાર જ તું છો. આવો નિર્ણય તે જ ધર્મની પહેલી શરૂઆતનો (સમ્યગ્દર્શનનો) ઉપાય છે. શરૂઆતમાં એટલે કે સમ્યગ્દર્શન પહેલાં આવો નિર્ણય ન કરે તો તે પાત્રતામાં પણ નથી. મારો સહજ સ્વભાવ જાણવાનો છે–આવો શ્રુતના અવલંબને જે નિર્ણય કરે છે તે પાત્ર જીવ છે. જેને પાત્રતા પ્રગટી તેને અંતર અનુભવ થવાનો જ છે. સમ્યગ્દર્શન કરવા માટે પહેલાં જિજ્ઞાસુ જીવ—ધર્મ સન્મુખ થયેલો જીવ—સત્સમાગમે આવેલો જીવ—શ્રુતજ્ઞાનના અવલંબને જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે.

હું જ્ઞાનસ્વભાવી જાણનાર છું, જ્ઞેયમાં ક્યાંય રાગ-દ્વેષ કરીને અટકવું તેવો મારો જ્ઞાનસ્વભાવ નથી. પર ગમે તેમ હો, હું તો તેનો માત્ર જાણનાર છું, મારો જાણનાર સ્વભાવ પરનું કાંઈ કરનાર નથી. હું જેમ જ્ઞાનસ્વભાવી છું તેમ જગતના બધા આત્માઓ જ્ઞાનસ્વભાવી છે; તેઓ પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય ચૂક્યા છે તેથી દુ:ખી છે, તેઓ જાતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો તેઓનું દુ:ખ ટળે. હું કોઈને ફેરવવા સમર્થ નથી. પર જીવોનું દુ:ખ હું ટાળી શકું નહિ, કેમ કે દુ:ખ તેઓએ પોતાની ભૂલથી કર્યું છે; તેઓ પોતાની ભૂલ ટાળે તો તેમનું દુ:ખ ટળે. કોઈ પરના લક્ષે અટકવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

પ્રથમ શ્રુતનું અવલંબન બતાવ્યું તેમાં પાત્રતા થઈ છે, એટલે કે શ્રુતના

**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭. –શ્રી સમયસાર**

અવલંબનથી આત્માનો અવ્યક્ત નિર્ણય થયો છે; ત્યાર પછી પ્રગટ અનુભવ કેમ થાય તે હવે કહે છે.

સમ્યગ્દર્શન પ્રગટ્યા પહેલાં શ્રુતજ્ઞાનના અવલંબનના જોરે આત્માના જ્ઞાનસ્વભાવને અવ્યક્તપણે લક્ષમાં લીધો છે, હવે પ્રગટરૂપ લક્ષમાં લ્યે છે—અનુભવ કરે છે–આત્મસાક્ષાત્કાર અર્થાત્ સમ્યગ્દર્શન કરે છે, તે કઈ રીતે ? તેની વાત મુકે છે. '.....પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે પરપદાર્થથી પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો....' અપ્રગટરૂપ નિર્ણય થયો હતો તે હવે પ્રગટરૂપ કાર્ય લાવે છ. જે નિર્ણય કર્યો હતો તેનું ફળ પ્રગટે છે.

આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય જગતના બધા આત્માઓ કરી શકે છે. બધા આત્માઓ પરિપૂર્ણ ભગવાન જ છે, તેથી બધા પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી શકવા સમર્થ છે. જે પોતાના આત્માનું હિત કરવા માગે તેને તે થઈ શકે છે. પરંતુ જીવે અનાદિથી પોતાની દરકાર કરી નથી. ભાઈ રે! તું કોણ વસ્તુ છો, તે જાણ્યા વિના તું કરીશ શું ? પહેલાં આ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય થતાં અવ્યક્તપણે આત્માનું લક્ષ આવ્યું, પછી પરનું લક્ષ અને વિકલ્પથી ખસીને સ્વનું લક્ષ પ્રગટ અનુભવપણે કેમ કરવું તે બતાવે છે.


આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, ઈન્દ્રિય અને મનથી જે પર લક્ષ જાય છે તેને ફેરવીને તે મતિજ્ઞાનને સ્વમાં એકાગ્ર કરતાં આત્માનું લક્ષ થાય છે એટલે કે આત્માની પ્રગટપણે પ્રસિદ્ધિ થાય છે; આત્માનો પ્રગટરૂપ અનુભવ થવો તે જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન એ જ ધર્મ છે. (ક્રમશઃ)

---

જેના હૃદયમાં ગણધર જેવો સ્વ-પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વને નષ્ટ કરે છે, સાચાં સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોની અવિચળ શ્રદ્ધા કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતાનામાં જ ધારણ કરે છે, જે અનાદિના મળેલ જીવ અને અજીવનું પૃથક્કરણ, જેમ કતકફળ કીચડથી પાણીનું પૃથક્કરણ કરે છે, તેમ કરે છે, જે આત્મબળ વધારવામાં પ્રયત્ન કરે છે અને જ્ઞાનનો પ્રકાશ કરે છે, તે જ સમ્યગ્દૃષ્ટિ સંસાર-સમુદ્રથી પાર થાય છે.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મંગલાચરણ, પદ-૮)

# ભેદજ્ઞાનનો ઉપાય : પ્રજ્ઞાછીણીનો પ્રહાર




પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી, ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.

અબરખના પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ-વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદે જુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગા દેખાય પણ જુદાં જ છે તેમ.

પ્રશ્ન :—સોનું તો ચળકે છે એટલે પત્થર ને તે—બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદાં જણાય ?

ઉત્તર :—આ જ્ઞાન પણ ચળકે જ છે ને ? વિભાવભાવ ચળકતાં નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે—જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?

જેમ સાચાં મોતી ને ખોટા મોતી ભેગા હોય તો મોતીનો પારખું એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો તે હું—એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—''ઘટઘટ અંતર જિન વસે, ઘટઘટ અંતર જૈન'' એનો શું અર્થ છે?

ઉત્તર :—દરેક આત્મા શક્તિરૂપે તો જિન છે જ પણ ઘટઘટ અંતર જૈન એટલે ગૃહસ્થાશ્રમમાં રહેલા ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હોય, ઈન્દ્રને કરોડો અપ્સરા હોય, અનેક પ્રકારના વૈભવો બાહ્યમાં હોય છતાં સમ્યગ્દૃષ્ટિ અંદરમાં જૈન છે. રાગથી ભિન્ન પડ્યો હોવાથી સાચો જૈન છે અને બાહ્યથી હજારો સ્ત્રીને છોડી ત્યાગી થયો છતાં રાગથી ભિન્ન થયો નથી તે ખરો જૈન નથી. તેણે રાગને રુંધ્યો છે પણ રાગથી ભિન્ન થયો નથી તેથી જૈન નથી.

પ્રશ્ન :—રાગથી છુટકારો કેમ થાય?

ઉત્તર :—એકાન્તે દુઃખના જોરથી રાગથી છૂટો પડી શકે એમ બનતું નથી પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના-જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે.

પ્રશ્ન :—આત્માની રુચિવાળો જીવ મરીને દેવમાં જ જાય ને?

ઉત્તર :—હા, આ તત્ત્વની રુચિ છે, વાંચન-શ્રવણ છે, ભક્તિ પૂજા આદિ છે એ બધા તો દેવ જ થાય. કોઈ સાધારણ હોય તો તે મનુષ્ય થાય.

પ્રશ્ન :—કેવા દેવ થાય?

ઉત્તર :—એ તો તેની યોગ્યતા અનુસાર ભવનત્રિક કે વૈમાનિકમાં જાય અને આત્માનુભવી તો વૈમાનિકમાં જ જાય.

પ્રશ્ન :—સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે શું કરવું જોઈએ?

ઉત્તર :—ચૈતન્ય સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી જોઈએ અને તે પહેલાં સાત

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮. –શ્રી સમયસાર**

તત્ત્વનું સ્વરૂપ એના ખ્યાલમાં આવવું જોઈએ. વિકલ્પ સહિત સાત તત્ત્વોનો નિર્ણય થવો જોઈએ.

પ્રશ્ન :—બાર અંગનો સાર શું છે?

ઉત્તર :—અનંતા કેવળી, મુનિરાજ અને સંતો એમ કહે છે કે સ્વદ્રવ્યનો આશ્રય કરો અને પરદ્રવ્યનો આશ્રય છોડો, સ્વભાવમાં લીન થાઓ અને પરભાવથી વિરક્ત થાઓ. આ જ બાર અંગનો સાર છે.

પ્રશ્ન :—એક આત્માની જ સન્મુખ થવાનું છે તો એના માટે આટલાં બધાં શાસ્ત્રોની રચના આચાર્યદેવે કેમ કરી?

ઉત્તર :—એની ભૂલો એટલી બધી છે એ બતાવવા માટે આટલાં બધાં શાસ્ત્રોની રચના થઈ છે, કરી નથી, પુદ્ગલથી થઈ છે.

પ્રશ્ન :—પરના લક્ષથી આત્મામાં જવાતું નથી પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને?

ઉત્તર :—શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.

પ્રશ્ન :—તો શાસ્ત્ર વાંચવા નહિ ને?

ઉત્તર :—આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ! એનો અર્થ એ કે તું સિદ્ધસ્વરૂપ છો એવી શ્રદ્ધા—પ્રતીતિ કરીને સાંભળ, સિદ્ધસ્વરૂપમાં દૃષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે.

પ્રશ્ન :—એક જગ્યાએ કહે કે આત્માના લક્ષે આગમનો અભ્યાસ કર એથી તારું કલ્યાણ થશે, ને બીજે કહે કે શાસ્ત્ર ઉપરનો રાગ પણ છોડી દે. એમ કેમ?

ઉત્તર :—પર તરફનું લક્ષ બંધનું કારણ હોવાથી શાસ્ત્ર તરફનો રાગ પણ છોડાવ્યો છે અને જ્યાં આગમનો અભ્યાસ કરવા કહ્યું છે ત્યાં આગમના અભ્યાસમાં આત્માનું લક્ષ છે તેથી વ્યવહારથી આગમ અભ્યાસને કલ્યાણનું કારણ કહ્યું છે.

**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯. –શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—તત્ત્વસંબંધી વિચારોમાંથી અમુક વિચારો બાદ કરી નાખવા?

સમાધાન :—બાદ નહીં કરવાના, જાણવા માટે વિચારો હોય છે. જ્ઞાન કરવું તે નુકસાનરૂપ નથી, પણ ધ્યેય એક જ્ઞાયકનું હોવું જોઈએ. ૧૧ અંગનું જ્ઞાન થયું પણ એક આત્માને જાણ્યો નહિ તો તે જ્ઞાન શું કામનું? આત્માને ઓળખવાનું ધ્યેય ન રાખ્યું તો તે જ્ઞાન લાભરૂપ થતું નથી. જ્ઞાન થાય તે નુકસાનરૂપ નથી, કેમ કે જ્ઞાન તો તેને મદદરૂપ થાય છે, વિશેષ સ્પષ્ટતાનું કારણ થાય છે. પરંતુ સાથે આત્માનું ધ્યેય હોવું જોઈએ. ઝાઝું ન જાણે અને પ્રયોજનભૂત જાણે તો પણ મુક્તિનો માર્ગ પ્રગટ થાય છે. 'હું જ્ઞાયક છું, વિભાવ મારો સ્વભાવ નથી' એમ ભેદજ્ઞાન કરી સ્વભાવનો જો પુરુષાર્થ કરે તો તેમાં વિશેષ જાણવાની જરૂર હોતી નથી; છતાં ઝાઝું જાણવું તે નુકસાનનું કારણ નથી, લાભનું કારણ થાય છે, જ્ઞાનની નિર્મલતાનું કારણ થાય છે.

પ્રશ્ન :—જ્ઞાન સાથે રાગ છે તે બોજો છે?

સમાધાન :—હા; રાગ બોજો છે. એક જ્ઞેયથી બીજા જ્ઞેય તરફ ઉપયોગ પલટાય તેમાં રાગ સાથે આવે છે; તે રાગ ઉપાધિરૂપ છે. જ્ઞાન બોજારૂપ નથી. રાગ વચ્ચે આવ્યા વગર રહેતો નથી; સ્વરૂપમાં ઠરે, ત્યારે વિકલ્પ છૂટી જાય છે ને મતિ-શ્રુતજ્ઞાન રહે છે. પહેલાં જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને—હું જ્ઞાયક છું તેમ નિર્ણય કરીને મતિ-શ્રુતનો ઉપયોગ બહાર જાય છે તેને સ્વરૂપમાં લીન કરીને નિર્વિકલ્પ થતાં વિકલ્પ હતો તે છૂટી જાય છે અને સ્વરૂપમાં ઠરી જાય છે. શ્રુતજ્ઞાનની ઉપાધિરૂપ સાથે જે રાગ હતો તે છૂટી જાય છે, ત્યારે અંતરમાં શાંતિ અને આનંદનું વેદન થાય છે, કોઈ અપૂર્વ આનંદ થાય છે.

પ્રશ્ન :—નિર્વિકલ્પ થાય એટલે પરિણતિનું જોર વધતું હશે?

સમાધાન :—અંતરમાં સ્વરૂપની ધારામાં લીનતા વધી જાય છે એટલે નિર્વિકલ્પ થાય છે—જે સ્વરૂપાચરણ ચારિત્ર અમુક અંશે પ્રગટ થયું છે, તેમાં અંતર તરફની લીનતાનું જોર વધી જાય છે એટલે ઉપયોગ અંતર તરફ આવે છે, બહાર જતો ઉપયોગ સ્વરૂપમાં ઠરી જાય છે. શ્રદ્ધા-જ્ઞાનનું તો જોર છે, પણ લીનતાનું બળ વધી જાય છે એટલે

ઉપયોગ અંદર જાય છે. ગૃહસ્થાશ્રમમાં એની દશા પલટી જાય, પણ એવી જાતની લીનતાનું જોર નથી કે જેથી ભૂમિકા પલટાઈ જાય, પણ તેની તે ભૂમિકામાં લીનતાનું જોર વધે છે એટલે અંતરમાં જાય છે. ચારિત્રદશા આવે છે ત્યારે સ્વરૂપના આશ્રયનું જોર વધે છે; તેની સાથે લીનતાનું જોર વધે છે એટલે મુનિદશા આવે છે.

પ્રશ્ન :—જ્ઞાન ગુણભેદ તથા પર્યાયભેદને સ્વપણે જાણે છે?

સમાધાન :—સ્વપણે એટલે કે ગુણ-પર્યાય મારા સ્વરૂપમાં છે તેમ જ્ઞાન જાણે છે. આ ગુણભેદ અને આ પર્યાયભેદ એમ કટકા નથી; પણ લક્ષણભેદ છે ને અંશ અને અંશીનો ભેદ છે તેમ જ્ઞાન જાણે છે. જેવી રીતે ગુણ-પર્યાયનું સ્વરૂપ છે તેમ જાણે છે.

પ્રશ્ન :—પરવસ્તુ જાણે તેમાં ઇષ્ટ-અનિષ્ટ ન કરવું તે પકડાય છે અને પરવસ્તુને જ્ઞાન જાણે છે એટલું પણ પકડાય છે; પરંતુ અંદર પૂર્ણજ્ઞાન છે તે કેવી રીતે પકડવું?

સમાધાન :—પૂર્ણજ્ઞાન તો વિચાર કરીને નક્કી થાય. તે જ્ઞાન પ્રગટ નથી, પણ શક્તિરૂપે છે. જાણનાર જે તત્ત્વ છે તે અનાદિથી છે. તે જાણનાર તત્ત્વ એવું હોવું જોઈએ કે તે પૂરું જાણે, અધૂરું જાણે નહીં. જેમ આ જડ તે કાંઈ જાણતું નથી, તેમાં જાણવાનો કોઈ અંશ નથી તેમ આ જાણનાર વસ્તુ છે તેમાં 'ન જાણવું' એમ ન આવે. જે જાણે તે પૂરું જાણે જ,—તેનામાં પૂરું જાણવાની શક્તિ હોય જ. પણ અત્યારે તે રાગ-દ્વેષ ભ્રાન્તિમાં રોકાઈ ગયો છે એટલે પૂરું જાણી શકતો નથી; છતાં પણ તેનો જ્ઞાનસ્વભાવ નાશ પામ્યો નથી. પર્યાયમાં જ્ઞાન અધૂરું-ઓછું થઈ ગયું છે, પરંતુ પૂરું જાણવાની તેનામાં શક્તિ છે. પોતે તેનો સ્વભાવ ઓળખીને, તત્ત્વ ઓળખીને નક્કી કરે કે પૂરું જાણવાનું કાર્ય અત્યારે નથી, પણ શક્તિ પૂરું જાણવાની છે. શક્તિને કોઈ આડખીલ-અટક ન હોય કે આટલું જાણે અને આટલું ન જાણે. પોતે પૂરેપૂરું જાણે, નહીં જાણવાનો ભાગ તેમાં ન આવે. જેમ જડમાં કોઈ જાણવાનો ભાગ નથી, તેમ જાણનારમાં કોઈ નહિ જાણવાનો ભાગ નથી, પૂરેપૂરું જાણે. આ વાત યથાર્થ છે કે નહિ તે યુક્તિથી નક્કી કરે તો થઈ શકે છે. આખા લોકાલોકને એક સમયની અંદર ક્રમ પડ્યા વગર સહજ જાણે એવો તેનો સ્વભાવ છે.

પ્રશ્ન :—શું જ્ઞાન પરને જાણે છે?

સમાધાન :—જ્ઞાન બધું જાણે. પરને પર-રૂપે જાણે ને સ્વને સ્વ-રૂપે જાણે. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું જાણે. બીજાં અનંતા દ્રવ્યો, ગયો કાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ બધું એક સમયમાં જાણવાની તેનામાં શક્તિ છે. પણ તે વીતરાગ થાય ત્યારે બધું જણાય.

અજ્ઞાની વર્તમાનમાં રાગ-દ્વેષમાં રોકાયેલો છે એટલે તેનું જાણવાનું રોકાયેલું છે. એક જ્ઞેયમાં રોકાયેલો છે તેથી એકને જાણે ને બીજું ભૂલે. તે રાગમિશ્રિત જાણે છે અર્થાત્ જ્યાં જાણે છે ત્યાં રાગ-દ્વેષ કરે છે. રાગ-દ્વેષને લઈને 'જ્ઞેય તે હું, હું તે જ્ઞેય' એમ જ્ઞેયમાં ભેગો ભળી જાય છે, જુદો રહેતો નથી, એટલે તેનું પૂરું જાણવાનું રોકાઈ ગયું છે. પૂરેપૂરો વીતરાગ થાય તો પૂરેપૂરું જાણે. તેનો સ્વભાવ એવો છે કે નિગોદમાં ગયો ત્યારે જાણવાની શક્તિ ઘણી ઘટી ગઈ તો પણ તેનો જાણવાનો સ્વભાવ નાશ પામતો નથી, થોડું જાણવાનું તો ઊભું રહે છે.

જ્ઞાન કોઈના આશ્રય વગર એક સમયની અંદર બધું જાણે તેવો તેનો સ્વભાવ છે. કાનથી સાંભળે અને આંખથી દેખે એમ નહિ, આત્મામાંથી જાણે તેવો તેનો સ્વભાવ છે. જો તે પરને ન જાણે અને પોતાને જ જાણે તો તેનો સ્વભાવ સંકુચિત થઈ જાય. પોતાને અને પરને—બધાને જ્ઞાન જાણે છે. પરને જાણે તે જુદો રહીને જાણે છે, ભેગો થતો નથી.

પ્રશ્ન :—'પોતે જ્ઞાયક છે' એમ મુમુક્ષુ અનુમાનથી કે તર્કથી યથાર્થ રીતે નક્કી કરી શકે?

સમાધાન :—સમ્યગ્જ્ઞાન પ્રગટ થયા પહેલાં મુમુક્ષુ, 'હું જ્ઞાયક છું' એમ નક્કી ન કરી શકે એવું નથી; અજ્ઞાનદશામાં રાગ-દ્વેષ-ભ્રાન્તિમાં પડ્યો છે ત્યારે પણ પોતે નક્કી કરી શકે છે કે 'આ સ્વભાવ તે હું, આ વિભાવ મારો સ્વભાવ નથી. મારો જ્ઞાનસ્વભાવ છે'. જો અનુભૂતિ પહેલાં નક્કી ન થઈ શકતું હોય તો આગળ જઈ શકે જ નહિ. પોતે સ્વભાવને ઓળખીને અંતરમાંથી નક્કી કરી શકે છે,—નિર્ણય કરી શકે છે અને તે નિર્ણયના બળે આગળ જઈ શકે છે. જેને અંતરમાં વિભાવનું દુઃખ લાગ્યું છે તે પોતે અંદરથી નક્કી કરે છે કે 'સાચું સ્વરૂપ શું છે?' સાચી શાંતિ ક્યાં છે? એ નક્કી કરવા માટે નિર્ણય જ કામ આવે છે, પછી સ્વાનુભૂતિ થાય છે. પૂર્ણ શક્તિનો વિશ્વાસ, મારો સ્વભાવ રાગથી જુદો છે, આ રાગ હું નથી, અંદર એક તત્ત્વ છે તે શાશ્વત છે, તે બધું જિજ્ઞાસાની ભૂમિકામાં નિર્ણય કરી શકે છે અને ત્યારે આગળ જઈ શકે છે. જો નિર્ણય ન કરી શકતો હોય તો આગળ જઈ શકાય નહિ. પહેલેથી બધું અનુભૂતિમાં આવતું નથી, પણ અમુક જાતના પોતાના વેદનમાંથી અનુમાન કરી શકે છે કે આ જાણનાર તે હું. (ક્રમશઃ)

## બાળ વિભાગ

# વાઘણનો વૈરાગ્ય

કીર્તિધર–મુનિ પાસે સુકોશલ–પુત્રે દીક્ષા લઈ લીધી,તેથી તેની માતા સહદેવીને ઘણો આઘાત લાગ્યો. પિતા અને પુત્ર બંને મુનિ થઈ ગયા; આથી તીવ્ર મોહને લીધે સહદેવીએ તે મુનિધર્મની નિંદા કરી...ધર્માત્માનો અનાદર કર્યો....ને ક્રૂર પરિણામ કરીને આર્ત્તધ્યાન કરતાં કરતાં તે મરી; મરીને વાઘણ થઈ....

અરે, જેના પતિ મોક્ષગામી, જેનો પુત્ર પણ મોક્ષગામી, એવી તે સહદેવી, ધર્મ અને ધર્માત્માનો તીરસ્કાર કરવાથી વાઘણ થઈ...બંધુઓ, જીવનમાં કદી ધર્મ કે ધર્માત્મા પ્રત્યે અનાદર ન કરશો, તેની નિંદા ન કરશો.

હવે વાઘણ થયેલી તે રાજમાતા, એક જંગલમાં રહેતી હતી; જીવોની હિંસા કરતી હતી, ને અત્યંત દુઃખી થતી હતી...એને ક્યાંય ચેન પડતું ન હતું.

એવામાં, જે જંગલમાં તે વાઘણ રહેતી તે જ જંગલમાં મુનિરાજ કીર્તિધર તથા સુકોશલ આવ્યા ને શાંતિથી આત્માના ધ્યાનમાં બેઠા.... વીતરાગી શાંતિનો મહા આનંદ તેઓ લેતા હતા.

વાઘણે તે બંનેને દેખ્યા...દેખતાંવેંત ક્રૂરભાવથી ગર્જના કરી...ને સુકોશલ મુનિ ઉપર છલાંગ મારીને તેમને ખાઈ જવા લાગી....



કીર્તિધર મુનિરાજ તેમજ સુકોશલ મુનિરાજ બંને તો આત્માના ધ્યાનમાં છે ને વાઘણ સુકોશલ મુનિને ખાઈ રહી છે તે મુનિ તો આત્મ-ધ્યાનમાં એવા લીન થયા છે કે શરીરમાં શું થાય છે—તેનું લક્ષ પણ નથી; આત્માનો અનુભવ કરતાં કરતાં તે જ વખતે તેમણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને મોક્ષ પામ્યા !

ધન્ય તે રાજકુમારનું જીવન !

આ બાજુ, સુકોશલ મુનિના શરીરને ખાતાં-ખાતાં વાઘણની નજર તેમના હાથ ઉપર પડી...હાથમાં એક ચિહ્ન જોતાં જ તે ચકિત થઈ ગઈ. તેના મનમાં એમ થયું કે આવો હાથ મેં ક્યાંક જોયો છે !....અને તરત જ તેને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું : અરે, આ તો મારો પુત્ર ! હું તેની માતા હતી. અરેરે, મારા પુત્રને હું ખાઈ ગઈ !—એમ પશ્ચાત્તાપથી તે વાઘણ રડવા લાગી, તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી.




તે પ્રસંગે કીર્તિધર મુનિએ વાઘણને ઉપદેશ આપ્યો કે અરે વાઘણ ! (સહદેવી !) જે પુત્રના પ્રેમની ખાતર તું મૃત્યુ પામી, તે જ પુત્રના શરીરનું તે ભક્ષણ કર્યું ? અરેરે, મોહને ધિક્કાર છે. હવે તું આ અજ્ઞાનને છોડ, ક્રૂરભાવોને છોડ ને આત્માને સમજીને કલ્યાણ કર !

મુનિનો ઉપદેશ સાંભળીને તરત જ તે વાઘણ ધર્મ પામી, તેણે આત્માને ઓળખ્યો ને માંસભક્ષણ છોડી દીધું પછી વૈરાગ્યથી સંન્યાસ ધારણ કર્યો ને મરીને દેવલોકમાં ગઈ.

શ્રી કીર્તિધર મુનિ પણ કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પામ્યા.

(રાજા રઘુ અને રામ વગેરે મહાપુરુષો પણ આ કીર્તિધર રાજાના વંશમાં જ થયા.)

પાઠકો ! ધર્માત્મા—જ્ઞાનીઓનું જીવન કેવું વૈરાગ્ય ભરેલું હોય છે—તે આ કથા ઉપરથી સમજજો; અને આત્માની સમજણ કરીને એવું વૈરાગ્ય-જીવન જીવવાની ભાવના કરજો. તેમજ વાઘણ જેવું હિંસકપ્રાણી પણ આત્મજ્ઞાન પામીને કેવી રીતે કલ્યાણ કરે છે—તે જાણીને તમેય પાપભાવ છોડજો ને આત્મજ્ઞાન કરજો.

✻ ✻ ✻

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### સુવર્ણપુરીમાં સત્તરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૭, સોમવારથી તા. ૩૦-૧૨-૧૭, શનિવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રીમતી શકુન્તલાબેન પવનકુમાર જૈન, શ્રીમતી હાસ્યલતાબેન બિપિનભાઈ શાહ અને શ્રીમતી મીનાબેન અકલંકભાઈ કોઠારીના સૌજન્યથી સત્તરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મુમુક્ષુઓને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

## વૈરાગ્ય સમાચાર :–

રાણપુર નિવાસી (હાલ અમદાવાદ) ઈન્દુમતિબેન અમૃતલાલ શાહ (ઝોબાલિયા) (—તેઓ ભૂતપૂર્વ પ્રમુખ, ખાડિયા—અમદાવાદ સ્વ. અમૃતલાલ મલુકચંદ શાહ (ઝોબાલિયા)ના ધર્મપત્ની) (ઉ.વ. ૮૩) તા. ૩૧-૧૦-૨૦૧૭ના રોજ ટૂંકી માંદગી ધર્મધ્યાનપૂર્વક દેહપરિવર્તન કરેલ છે. તેઓ ઘણા વખત સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

ભાવનગર નિવાસી (હાલ સોનગઢ) શ્રી હસમુખરાય હરિલાલ ભાયાણી (—તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત શ્રી હરિલાલ જીવરાજભાઈ ભાયાણીના પુત્ર) (ઉ.વ. ૮૯) તા. ૧૦-૧૧-૨૦૧૭ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન કરેલ છે. તેઓશ્રીને બાળપણથી જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો અને છેલ્લા ૧૬ થી વધુ વર્ષોથી સંપૂર્ણ નિવૃત્તિ લઈ સોનગઢમાં સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો નિયમીત લાભ લેતા હતા.

## (૫૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) અવ્યાબાધ ગુણ ............. પરમેષ્ઠી ભગવાનને પ્રાપ્ત હોય છે. (ઉપાધ્યાય, સિદ્ધ, અરિહંત)

(૨) ભવ્યત્વ એ જીવનો ................ ભાવ છે. (ક્ષાયિક, પારિણામિક, ઔદયિક)

(૩) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નિરપેક્ષ કેવળ ધ્રૌવ્યને માનવામાં આવે તો દ્રવ્ય ............. ઠરશે. (અપરિણામી, પરિણામી, નિત્ય)

(૪) નિશ્ચયનય સંબંધી વિષયનો ત્યાગ કરવાનો નથી, પરંતુ નિશ્ચયનય સંબંધી .................. નો ત્યાગ કરવાનો છે. (સંકલ્પ, વિકલ્પ, વ્યવહાર)

(૫) સ્વાધ્યાય એ ............. પરમેષ્ઠીનો મૂળ ગુણ છે. (સાધુ, ઉપાધ્યાય, આચાર્ય)

(૬) જેવી રીતે અગ્નિની એક ચિનગારી વિશાળ વનને ભસ્મ કરી દે છે તેવી રીતે અનાદિ મોહને ક્ષણમાત્રમાં ભસ્મ કરી દે તેવી ............... શક્તિ આત્મામાં છે. (સુખ, વિભુત્વ, વીર્ય)

(૭) સમ્યગ્દર્શન પ્રાપ્તિ સમયે અતીન્દ્રિય આનંદનું વેદન ............... માં થાય છે. (ગુણ, દ્રવ્ય, પર્યાય)

(૮) ............... ભાવ સાદિ અનંત હોય છે. (ઔપશમિક, ક્ષાયિક, પારિણામિક)

(૯) જંબૂદ્વીપમાં ............... ઐરાવત ક્ષેત્ર છે. (પાંચ, બે, એક)

(૧૦) ................ તીર્થંકર ભગવાન પદ્માસનથી મોક્ષ ગયેલ છે. (અરહનાથ, નેમિનાથ, વિમલનાથ)

(૧૧) બે ઈન્દ્રિય જીવને ................ પર્યાપ્તિ હોય છે. (ચાર, ત્રણ, પાંચ)

(૧૨) મુનિના છ આવશ્યકમાં કોઈ એક તીર્થંકર ભગવાન અથવા પરમેષ્ઠી ભગવાનને નમસ્કાર કરવું ................. છે. (વંદના, સ્તુતિ, સમતા)

(૧૩) ઘટને જાણવા સમયે ઘટજ્ઞાન ન કહેતા માત્ર જ્ઞાન કહેવું એ ................ વ્યવહારનયનું કથન છે. (અનુપચરિત સદ્ભુત, ઉપચરિત સદ્ભુત, અનુપચરિત અસદ્ભુત)

(૧૪) સોલહ કારણ ભાવનામાં પાપોથી બચવું તથા ધર્મ કે ધર્મના ફળમાં અનુરાગ કરવો એ ............. ભાવના છે. (વિનય સંપન્નતા, શીલવ્રત અનતિચાર, સંવેગ)

(૧૫) જીવના રાગ-દ્વેષના પરિણામ એ ............ છે.
(વિભાવ અર્થ પર્યાય, સ્વભાવ અર્થ પર્યાય, વિભાવ વ્યંજન પર્યાય)

(૧૬) કેવળી ભગવાનને કર્મનું બંધન નથી કારણ કે તેમને ............. છે.
(જ્ઞેયાર્થ પરિણમન, જ્ઞેય સન્મુખવૃત્તિ, જ્ઞપ્તિ ક્રિયા)

(૧૭) .......... શાસ્ત્રમાં આગમ, યુક્તિ, પરાપર ગુરુનો ઉપદેશ અને સ્વસંવેદન એ ચાર પ્રકારે આચાર્યદેવ શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવે છે. (નિયમસાર, સમયસાર, પ્રવચનસાર)

(૧૮) કેવળજ્ઞાન ................. જ્ઞાન છે. (એકદેશ પ્રત્યક્ષ, પરોક્ષ, સકલ પ્રત્યક્ષ)

(૧૯) મતિજ્ઞાનનાં ચાર ભેદમાં અવગ્રહથી જાણેલ પદાર્થને વિશેષ જાણવાની ઈચ્છાને ............... કહે છે. (ઈહા, અવાય, ધારણા)

(૨૦) કોઈ જીવો પ્રત્યે અનુકંપા અથવા વિનાશ હેતુ છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિના શરીરમાંથી કેટલાક આત્મપ્રદેશોનું બહાર નિકળવું તેને .............. સમુદ્‌ઘાત કહે છે. (તૈજસ, વૈક્રિયક, વેદના)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
## નવેમ્બર—૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) અનેકાંત | (૮) મુનિ | (૧૫) સપ્રતિપક્ષ |
| (૨) ક્ષુધાની ઉપશાંતિ | (૯) પુરુષાર્થ | (૧૬) ચારિત્ર |
| (૩) દ્રવ્યદૃષ્ટિ | (૧૦) પ્રજ્ઞા | (૧૭) રાજઋષિ |
| (૪) પ્રથમ | (૧૧) કલ્પવાસી | (૧૮) નિયમસાર |
| (૫) નિત્ય નિગોદ | (૧૨) દેવ | (૧૯) ૮૬ |
| (૬) ઉદાસીન | (૧૩) દર્શન વિશુદ્ધિ | (૨૦) છઠ્ઠું |
| (૭) નિશ્ચયાભાસી | (૧૪) પર્યાય | |

સહર્ષ જણાવવાનું કે સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનો સવારે, બપોરે, રાત્રે ત્રણ ટાઈમ રાખવામાં આવે છે, તે પ્રવચનો **www.kanjiswami.org** સંસ્થાના વેબસાઈટ ઉપર **Live** શરૂ કરેલ છે. સર્વે મુમુક્ષુઓ **Live** પ્રવચનોનો લાભ લેશો.

સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦, બપોરે ૩.૦૦ થી ૪.૦૦ રાત્રે ૭.૩૦ થી ૮.૩૦

**Inquiry : Ashishbhai**
**Mo : 09276867578**

અધ્યક્ષ
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## (૫૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) સુખસ્વભાવી આત્માને જાણતાં .................. થાય છે.

(૨) ............. જ આત્માનાં અતીન્દ્રિય સુખને જાણે છે.

(૩) સમ્યક્દર્શનાદિ અનંત આનંદમય રત્નો ચૈતન્યનો ................ ખોદતાં તેમાંથી નીકળશે.

(૪) જ્ઞાનીના જ્ઞાનમાં ................ નયો હોય છે.

(૫) સ્વદ્રવ્યના ................ ત્વરાથી થાઓ.

(૬) આત્માના અનુભવ વડે જ ................. માર્ગની શરૂઆત થાય છે.

(૭) વ્યવહાર મોક્ષમાર્ગ ઉપચારથી ................ નું કારણ છે.

(૮) વીતરાગ વિજ્ઞાન જ .............. નું સાધન છે.

(૯) ................ નયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

(૧૦) ............... માં હજારો શાસ્ત્રોનો ભંડાર ભર્યો છે.

(૧૧) ભગવાન સિદ્ધો અને અરિહંતો ................ સાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

(૧૨) સુખસ્વરૂપી આત્મામાં ............... ને જોડતાં સુખ થાય.

(૧૩) ............... સમ્યક્ત્વ તે સિદ્ધદશામાંય સદાય રહે છે.

(૧૪) નવતત્ત્વને જાણે પણ શુદ્ધાત્માને ન ઓળખે તેને ............. ન થાય.

(૧૫) મોક્ષશાસ્ત્ર સંસ્કૃત ભાષામાં ...................... એ રચના કરી છે.

(૧૬) ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન સમયસારની ................ મી ગાથામાં કહ્યું છે.

(૧૭) જ્ઞાનચેતનાની અનુભૂતિ તે ............... આત્માનું લક્ષણ છે.


(૧૮) અવિરત સમ્યક્દૃષ્ટિને ................ કર્મપ્રકૃતિ બંધાતો જ નથી.

(૧૯) વીતરાગી દેવ કોણ ? (૧) ............... (૨) ...................

(૨૦) નિર્ગ્રંથ ગુરુ કોણ ? (૧) .............. (૨) ............. (૩) ................

# બાળકો માટેના આપેલ પ્રશ્ન
# નવેમ્બર–૨૦૧૭ના ઉત્તર

(૧) દુઃખનું
(૨) સુખી
(૩) એક જ
(૪) મોક્ષને
(૫) મોક્ષમાર્ગ
(૬) નથી
(૭) સંસારનું
(૮) મોક્ષનું
(૯) ત્વરાથી
(૧૦) આત્માને
(૧૧) શ્રદ્ધા
(૧૨) સ્વરૂપાચરણ
(૧૩) નિર્જરા
(૧૪) સમ્યક્ચારિત્ર
(૧૫) સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર
(૧૬) સમ્યક્દર્શન
(૧૭) મોક્ષમાર્ગ
(૧૮) અનંત, અસંખ્યાત, અનંત
(૧૯) ૧૩ - ૧૪
(૨૦) ૭ થી ૧૨



ગધેડા ઉપર અસહ્ય બોજો ભર્યો છે, તેને લીધે મુશ્કેલીથી ચાલી શકે છે અને ઉપરથી તે માર પણ ખાય છે

આ મફતકાકા સવારથી મધ્યરાત્રિ સુધી દુકાનમાં ગધામજૂરી કર્યા કરે છે.

મફતલાલ કાકાનો દિકરો ઠપકો આપે છે કે આ માલ અહીં ન રાખવો જોઈએ. તમોને કાંઈ આવડતું નથી, માટે ઘેર બેસીને ભગવાનનું નામ લ્યો ને !

### ચિત્ર તાત્પર્ય

જેમ ગધેડો અસહ્ય બોજો સહન કરવા છતાં માર ખાય છે તેમ વેપારાદિના કાર્યમાં ઘણા હોંશથી જીવો તનતોડ મહેનત કરે છે, શરીર વાંકુ વળી જાય છે ને ઉપરથી ઠપકો ખાય છે. અજ્ઞાની જીવ વેપારાદિમાં રસ લ્યે છે તેને બદલે નિવૃત્તિ લઈ આત્માની વાતમાં સત્ સમાગમે રસ લ્યે તો પોતાનું કલ્યાણ થાય.

**વેપારાદિમાંથી નિવૃત્તિ લઈ આત્મધ્યેય માટે સત્સમાગમ કરો.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે ?

ઉત્તર :—જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે ! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૨૬૪.

● ભાઈ ! તારું રૂપ તો ભગવાન સ્વરૂપ છે ને ! પરમાત્મસ્વરૂપ તું છો. જિનસ્વરૂપ જ આત્મા છે. વીતરાગ અકષાયમૂર્તિ જ આત્મા છે, તેને પરમપારિણામિકભાવ કહો કે એકરૂપ ભાવ કહો, અહીં તેને શુદ્ધભાવ કહેવામાં આવે છે. તેનાથી જીવાદિ સાત બાહ્યતત્ત્વો ભિન્ન છે. નિમિત્ત આદિ તો ભિન્ન છે જ પણ રાગાદિ અશુદ્ધભાવ છે તે બહિર્તત્ત્વ છે અને પૂર્ણ સ્વરૂપના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે પણ પર્યાય હોવાથી બહિર્તત્ત્વ છે ને બહિર્તત્ત્વ છે તે હેય છે. ૨૬૫.

● કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને, વ્યવહાર કહીને, અણાત્મા કહ્યો છે. ૨૬૬.


● અલિંગગ્રહણના ૨૦માં બોલમાં ધ્રુવને સ્પર્શતો નથી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે એમ કહ્યું, ત્યાં વેદનની અપેક્ષાએ કહ્યું છે, કેમ કે આનંદનું વેદન પરિણતિમાં છે. ત્રિકાળીનું વેદન થતું નથી. તેથી વેદનમાં આવ્યો તે હું—એમ કહ્યું છે. જ્યાં જે આશય હોય તે સમજવો જોઈએ. અહીં સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી—ધ્રુવસામાન્ય તે એક જ સર્વ તત્ત્વોમાં સાર છે. એ વસ્તુ પોતે ધ્રુવ છે. તેના ઉપર લક્ષ જતા સમ્યગ્દર્શન થાય છે. ૨૬૭.

● ત્રિકાળી દ્રવ્યનો અવતાર શુદ્ધજ્ઞાન જ છે. અવતાર એટલે નવી ઉત્પત્તિ એમ નહીં પણ શુદ્ધજ્ઞાનસ્વરૂપ છે. વિકલ્પથી કે રાગથી રહિત જ છે. ગુણ-ગુણીના ભેદથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. તથા સુખસાગરનો પૂર છે. વસ્તુ પોતે સુખસાગરનો પૂર છે. વસ્તુમાં સુખસાગરની ભરતી ભરી પડી છે, અતીન્દ્રિય આનંદનો પુંજ પ્રભુ છે તે શુદ્ધભાવ છે, સામાન્યભાવ છે, જ્ઞાયકભાવ છે, તેનો એક સમયમાત્ર અનુભવ થતાં સમસ્ત સંસારનો નાશ થઈ જાય છે. ૨૬૮.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૭
અંક-૪ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-12-2017
Posted on 1-12-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org